કદી પણ War Loan ભુલશો નહીં.
At Least Have one Cash Crtificate.

કલાંઠ સાસુ

અને

કપરો જમાઇ.

એકટ્રેકટીવ નવલકથા.

પ્રથમાવૃત્તિ   પ્રત ૪૦૦૦

સંવત ૧૯૭૩   ઇ. સ. ૧૯૧૭

ધી "સુદર" પ્રી પ્રેસ-સુરત.

॥ શ્રી ॥

કલાંઠ સાસુ

અને

કપરો જમાઈ.

Who ever may expect a comforter on the day of adversity, let him practice humanity, during the season of prosperity. If not treated cordially, thy devoted slave will forshake thee, show him kindness, good affection and the stranger may become the slave of thy devotion.

(GULISTAN.)

તાપી ત્રટે સુર્યપુર સ્થાને હાલના પ્રાચીન સમયમાં હગવાસાની ખાડીને પેલેપાર આમલીઓના જંગલ મુકીને હવાઈ છોડવાના હવા-ડીઆ ચકલામાં એ ત્રણ માળના પણ નાનકડા ભવ્ય મકાનમાં સુઘડ ગોપાળદાસ પોતાના ધર્મપત્ની સમર્થબાઇ સાથે સુખી સંસારના સાગરમાં દુઃખી હોડી હંકારતા હતાં.

આ સમર્થબાઇ જેને આડોશીપાડોશીઓ સર્વે સમરથબેનના નામથી બોલાવતા હતા તેને હવે આપણે પણ જોશીને પુછયા વગર સમરથજ કહીશું, સમરથ બેન રૂપે, ગુણે, બોલાવે, ચલાવે, જવે, આવવે, ખાપેપીવે, સર્વ વાતે નીપુણ હતાં, તેમનામાં કોઇપણ રીતની ખામી જણાતી ન હોવાથી તેમની ગેરહાજરીમાં તેમના પતિ હર હંમેશ તેઓનાં નામનું નીચે મુજબનું પરભાતિયું ગાતાં હતાં અને આનંદ માનતાં હતાં.

કેશના છે વેશ ભારી વ્યસનની બલીહારી,
શ્વાન જેવી ચાલનારી ચાલનું ન ભાન છે.
દેખીતી ગરીબ નારી લોક કહે છે બીચારી,
વિષધર મારનારી ચરિત્ર સમાન છે.
દયા પતિપર નહીં લાજ નથી જેના મહીં,
શે દુઃખે માહી ખરે શંખની સમાન છે.

બાપડો ગોપાળદાસ જોતે ભલો અને નબળા મનનો સાલસ હતો હતો તો પણ સમરથે એવો તો જબરો કરપ બેસાડેલો કે બીચારો ગોપાલ હરેક પ્રકારે સમરથ બેનના કહ્યા પ્રમાણે વર્તવામાં કચાસ રાખતો નહિ. સમરથ નામ પ્રમાણે માથુ ફેરવીને દરરોજ ગોપાલની છાતીપર ભાણું મેલીને ભોજન કરે. આવા રૂડા સંસારમાં વળી બેઉનું નામ યાદ રાખવાને માટે પ્રભુએ કૃપાવંત થઇને શેઠાણીને ગુણ રૂપના ભંડારવાળી રૂપસુંદરી નામે એક છોડી આપી હતી. આ રૂપસુંદરી ઊંમર લાયક ઉપવરજોગ થઈ પણ તેને પરણવાને કોઇ સખી મરદ હાથ લાંબો કરે નહીં એ અજાયબભરેલું હતું. કહેવત છે કે બાપ તેવા બેટા, તે પ્રમાણે મા તેવી બેટી એ દુનિયામાં અવસ્ય હોવું

"દુખી શામાટે થાઓ છો"

સારૂ ન થાય તો પૈસા પાછા.

એકે કરેલો અનેકનો નીશ ઘણોજ અકસાર ઈલાજ.

સાંધાનું તેલ

કીંમત શીશી એકના રૂ. ૦-૬-૦

આ તેલ શરીરે માલીસ કરવાથી સંધીવા જેવો દુઃખદાયક રોગ નાબુદ થાય છે હાથ પગનું રહી જવું શરીરે સોજો ચઢવો શરીરનું દુભડાવું, વાંસો ફાટવો, લોહી બંધાવું લચક આવવી બા શસ્ત્રીથી રહી જવું શરીરનું જુઠું પડવું વીગેરે દર્દો સારાં થાય છે કુસ્તી બાજો માટે અતી ઉત્તમ છે.

વેપારીઓને ૨ા રૂ કમીશન

G. K. ATTARVALA & CO.
Navasari Bazar
SURAT.

જોઇએ એવો સમરથનો મક્કમ ઠરાવ હોવાથી ઉમદા પ્રતિજ્ઞા કરી હતી કે જે પુરૂષ મારી દીકરીને પોતાની છાતી ઉપર થાળી મૂકીને રોજ જમવા દે તેનેજ રૂપસુંદરી પરણાવવી. જો કે કન્યાબાઇ સર્વાંગે સુંદર, મન મોહિત કરે એવી હતી પણ આવી કપરી સરત કબુલ કરીને કોઇ પરણવા તૈયાર થતું નહીં.

હાલના સમયની માફક પ્રાચીન વખતમાં ન્યુસપેપરોની અને તેની (Wanted) કોલમમાં '**વર જોઇએ**' એવી જાહેર ખબરનો રીવાજ નહીં છતાં પણ સમરથ અને રૂપસુંદરીની વાત સઘળે ફેલાઇ ગઇ. અને **વાઘછીપા** ગામમાંથી તેજ નાતનો એક ચતુર પુરૂષ નીકળી આવ્યો. ચતુરનાં માબાપ સગાંવહાલાં વીગેરે વગર વીલ કરે આગળથી ધામ ગયાં હતાં. અને ચતુરભાઇ પોતે ને જાતે એકલાજ હતા. માટે પોતાને માટે કુળવધુ લાવવાનું કામ પોતાને માથેજ પડેલું હોવાથી:-

ઘર છીદ્ર ઢંકાય પરણી થકી.
માન સનમાન મહિમા મળે.

એમ વિચારી આ કન્યા સાથે પરણવા નીકળી આવ્યો. મૃગનયની ગજગામીનીને જોઇ ખુશી થયો અને તરતજ સાસુની પ્રતિજ્ઞા પાળવાનું કબુલ કરી હસ્તલેખ લખી આપ્યો. કન્યાબાઇ મોટી થયેલી હોવાથી સમરથે "તાબડતોડ" પરણાવી દીધી. મોહનભાઇ ઘણો ચતુર કુળવાન હોવાથી લેશ પણ ડર્યો નહીં. અને થોડી મહેનતે યોગ્ય ઉમરની રૂપાળી ફુટડીને લઇ ઘર તરફ વિદાય થયો. દંપતિએ બચકાં પોટલાં માથે ઉપાડયાં અને સાસુ સસરો પાદર સુધી વીદાય કરવાં

આવ્યાં. ઘર જવાનો માર્ગ નિરભય હોવાથી આ યુગલ વાતો કરતું સુખરૂપ આગળ વધ્યું. થોડે રસ્તે ગયાં ત્યાં એક વાવ આવી એટલે પોટલાં ઉતારી બેઠાં, ભાથું હશે તે છોડીને ખાધું, એટલે હવે પાણીની જરૂર જણાઇ. રૂપસુંદરી લાડકી હતી તેથી તેણે એક લાવરી કુતરી પાળેલી હતી તેને પણ ભેગી લીધી હતી. હવે પાણી લાવે કોણ? રૂપસુંદરી તો પગ ધમકાવીને ઉભાંજ હતાં; તેવાંજ મોહનલાલે લોટો દોરી પોટલામાંથી કાઢી કુતરીને પાણી ભરી લાવવા આજ્ઞા કરી.

The poor ass though devoid of understanding will be held precious when carring a burthen.

(Sadii.)

કુતરી પાંણી લાવવામાં શું સમજે? બે ત્રણવાર કહ્યું પણ ન માન્યું, ત્યારે ચીડાઇને જોશમાં આવીને કુતરીપર લોટો તો એવા જોર થી ફેંકયો કે તે ચક્કર ખાઇને નીચે પડી. આ જોતાંજ રૂપસુંદરી વહુ તો કંઇ કહ્યા સાંભળ્યા વગર ઝટ લઇને લોટા દોરી ઉઠાવી તીરની ઝડપે છમક છમક વાવમાં ઉતરી પડયાં. રૂપસુંદરીનું પાણી તો આટલાથીજ ઉતર્યું.

મોહનભાઇએ, પણ પીધું અને મીજાશમાં લોટો ફેંકી દીધો. હવે આગળ વધ્યાં પણ મોહનલાલનો એવો સખત કરૂપ પડયો કે ચાંતુ પણ થઇ શકયું નહીં. તો ઘેરે જઇને છાતીપર બાણું મેલીને જમવાની વાત મોઢામાંથી નીકળેજ કેમ? વહાણું વાતાંજ એકદમ તોરમાં ને તોરમાં મોહનલાલ મોભ ઉપર ચઢી બેઠા, અને ત્યાં બેઠે બેઠે વહુ પાસે નહાવાનું પાણી માગ્યું. તરતજ બીચારી રૂપા માથે ઉના પાણી

નો દેગડો મેલી તેપર ત્રાબાકુંડી ઉંચો વાળી હાથમાં લોટો લઈ વાસની શાડીપર ચઢીને મોભે ચઢી બેઠેલા પતિ સાહેબને સ્નાન કરાવી વસ્ત્ર પહેરાવી વાનણો લઇ નીચે ઉતરી પતિની આજ્ઞાનુંસાર રસોઇ બનાવી તેને જમાડીને એંઠી થાળીમાં પોતે જમી અને છેવટે!—

ઝલાઈ નવ ધીરજ રહે મોહનો પડયો માર; ૨
અરસપરસ દીલડાં મળ્યાં મોહન પાર ઉતાર.

આ પ્રમાણે નિત્ય ક્રમ ચાલવા લાગ્યો અને આવી રીતે હાકમાં ને હાકમાં રહી મોજમઝાહમાં રૂપાબહેન દીન ગાળતાં હોવાથી બાપડી નું શરીર પણ દીવસની સાથે ગળાવા લાગેલુ, મા બાપને ત્યાં ખાઇ પીને સ્વચ્છંદે વર્તી માતેલી થયેલી તે અહીં કસોટીમાં આવી પણ રૂપસુંદરીને મન આ કાંઈ કસોટી નહોતી પણ આ તો:—

રસના રસમાં રસિલી મનહા, રસની રસને વીસરી રસીઆ
રસપુંજ પયોનિધીના રસને, રસથી રસીલું જગ જાણે બધુ
રસમસ્ત બની રસીઆ મનહી, ન વિસારે કદી પળ બહારે જતી.

છ માસ વિતી ગયા ત્યારે સમરથ બેન દીકરીને આણું વળાવવા જમાઇને ત્યાં આવ્યાં. દીકરીના હાલ જોઈ તથા મોઢેથી વાત સાંભળીને જમાઇની આવી રીતીકૃતિ જાણી હેબકીજ ગયાં **जामाता दशमो ग्रह:**નો પ્રત્યક્ષ અનુભવ થયો અને **જમ અને જમાઇ** સરખા કહેવાય."એ દીઠું અને"સમરથ"નો અંજપા સાગરમાં તરવા લાગી થોડીવારે ચતુર મોહનલાલ આવ્યો. તે કોણ આવ્યું કે ગયું તેની તપાસ કર્યા વીના એકદમ મોભે ચઢી બેઠો. તેવીજ રૂપા વહુ પણ

તૈયારી હતી અને નવરાવા નીચે આવી બાણુ પીરસવા લાગી અને ભાઇ સાહેબ મેડેથી આવી ગરમાગરમ રસોઇ જમવા લાગ્યો. અર્ધું જમી રહ્યાબાદ સાસુના સામુ જોઇને બોલ્યો આજે તમે કયાંથી આવ્યા !

સાસુ—કાંઇ નહીં ઘણા દહાડાથી છોડીને જોવાને જીવ તલપી રહ્યો હતો તેથી સંગાથ મળવાથી નીકળી આવી છું. હવે તમે રજા આપો તો થોડા દહાડા મહારે ઘેર તેડી જાઉં !

જમાઇ—વાત તો સારી, પણ મારે રોટલા કોને ઘેર ખાવા ? આ પંચાત સારૂ તો હું તરતજ મોટી વહુ જોઇને હું પરણ્યો.

સાસુ—હા. એતો ઠીક પણ વહેવારે મોકલ્યા વિના ચાલે, ને મારે પણ તેડી ગયા વગર ચાલે કે? લોકો શું કહેશે !

જમાઇ—લોક ગમે તે કહે તેની મને દરકાર નથી; તમે લઇ જાઓ પછી મારી શી દશા ! કોને ઘેર ટુકડા ખાવા જઇએ? છતી બાયડીએ ભૂખે મરવું, અને ચુલો ફુંકવો તેનું કાંઇ કારણ?

સાસુ—પણ જમાઇરાજ ! તમે તો બહુજ જુલમ આદર્યો, આપણો ઠરાવ શો છે, અને તમે વર્તો છો શી રીતે? તમારો આવો સ્વભાવ મને બિલકુલ ગમતો નથી. મારી લાડકી છોકરીને હું હથેળીમાં શુ-કાવતી તેની તમે આવી હાકમાં રાખીને તો દુર્દશા કરી નાંખી, મને તો તમારી ખબર નહોતી કે મારી દીકરીને આમ રાખશો.

જમાઇ—હવે તો ખબર પડીને ?

સમરથ—પડી તો ખરી. પણ આ વાણી શો સ્વભાવ કે મોઢે ચઢીને નહાવું ?

મોહનલાલે રોકડો જવાબ આપ્યો કે:—તમને ખબર નથી? **'જેના સસરાની છાતીપર બાણું, તેના જમાઇનું મોએ નબાણું'** આમાં તમને નવાઇ શી બાશી? એતો સંસાર એમજ ચાલે, **ક્યાંક અમીરીહતો ક્યાંક ફકીરી** એના ધોખા તમારે કરવો નહીં.

સાસુ—પણ મારી તમને ખાસ વીનંતી છે કે આ વાત તમે છોડી દો.

જમાઇ—તમે છોડો તો અમે પણ છોડીએ, એતો સામસામુ છે.

સાસુએ તે કબુલ કર્યુ; આઠ દીવસ છોકરીને ઘેર રાખી પાછી મોકલી દેવા બધાયાં અને જામીન આપ્યા ત્યારે વહુને પિયર વળાવી અને બાપનું તથા બેટીનુ કષ્ટ સાથેજ કપાયુ.

મોહનલાલના આઠ દીવસ હોહલાં જાય, સહવારે હમેશની ટેવ પ્રમાણે મોબે જઇ પાછા આવે પછી:—

પ્યારી વિધુવદનની છબ તુલ્ય વહાલી,
પ્રીયા મૃગાનયની તુજ વીણ વહાલી.

ના ભજન ગાતો જાય, ઘરનું કામકાજ કરતો જાય વળી બહાર-થી કરીને આવે કે—

ઓ માઇ ડીયર, નથી તું નીયર, ગઇ તું પીયર, પતીને મુકી વીગેરે શબ્દોથી પ્રભુ સ્મરણ કરીને પથારીવશ થાય.

આઠમે દહાડે મોહનલાલ સસરાના ગામમાં આવી પહોંચ્યા. હજી

વહુ પણ તૈયાર થઈ રહી હતી તેને તેડી પોતાને ગામ ગયા. સસરા એ પણ જમાઈના સ્વભાવના વખાણ કર્યા; પોતાનું દુઃખ ટળ્યું તેથી ઉપકાર માન્યો એટલુંજ નહીં પરંતુ મોહનલાલના તેજ સ્વભાવના પરિણામે સુખી થયો અને દંપતીનો સંસાર સુખરૂપ ચાલવા લાગ્યો પણ સમરથ બેન અંતકાળે પોતાની લાડકીને નીચે પ્રમાણે શીખામણ દેતાં ગયાઃ—

પ્રીતારસ મિઠ્ઠલડા બેન તે ધારજે,
અમૃતસમ અણમોલો એ સહુ જાણજે.
નિરજીવ જીવન એ રસવીણ સહુ માણજે,
પ્રભુ કેરી એ ભેટ અમોલી માનજે..

વાંચક જો સાસુનો રંગ બદલાયો, તેથી હવે હું પણ બે વાતે લખવું બંધ કરૂં છું. अस्तु.

સમાપ્ત.

રચી પ્રસીદ્ધ કરનાર—

મગનલાલ જેકીશનદાસ ગજ્જર.

પ્રસીદ્ધ કરવાનું ઠેકાણું:—સગરામપુરા–**સુરત.**

સુરત લીમડાચોકમાં આવેલા ધી " સુંદર " પ્રીન્ટીંગ પ્રેસમાં

વીઠ્ઠલદાસ ઝીકાભાઇએ છાપ્યું.